R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924...

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 05 • ISSUE : 13 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH MAY 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

HD FIRE PROTECT
Protecting what matters most to you

| PASSION | EXCELLENCE | GROWTH |




At HD Fire, we don't just make fire-fighting products; we provide peace of mind.
With installations in 25,000+ locations across 90 countries, we bring safety when it matters the most.

HD FIRE PROTECT PVT. LTD.
Corporate Headquarters: D-6/2, Road No. 34, Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 21582600 | Fax: +(91) 22 21582602 | Email: info@hdfire.com

UL LISTED | FM APPROVED | VdS | CE

www.hdfire.com | @HdFireProtectPvtLtd | @hd-fire-protect | @TheHdfire

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# કદઓ જ્ઞાતિમાં પરંપરા અને આધુનિકતાનો સમન્વય



– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિએ વર્ષોથી અનેક પડકારોનો સામનો કર્યો છે, જેનાથી જ્ઞાતિની વસ્તી વિષયક હાજરી, સાંસ્કૃતિક પ્રથાઓ અને સામાજિક એકતાને અસર થઇ છે.

**વસ્તી ઘટાડોઃ** ૨૦૦૪ માં કદઓ જૈન જ્ઞાતિની વસ્તી ગણતરી હાથ ધરાઇ હતી જેમાં ૪.૭૫% નો નકારાત્મક વૃદ્ધિ દર (ઘટાડો) જાહેર થયો હતો. તે મુજબ દેશભરમાં કુલ વસ્તી માત્ર ૨૮,૧૬૪ હતી. આ ઘટાડાથી ચિંતિત થઈને, જ્ઞાતિના નેતાઓએ આ માટેના અંતર્ગત કારણો ઓળખવા અને તેના નિવારણ માટે પગલાં લેવા DNA પ્રોફાઈલિંગ અભ્યાસ શરૂ કર્યો હતો.

**સ્થળાંતર અને સાંસ્કૃતિક પરિવર્તનઃ** ઐતિહાસિક રીતે આર્થિક મુશ્કેલીઓ અને આપણા મૂળ પ્રદેશોમાં મર્યાદિત તકોને કારણે ઘણા કદઓ જૈનો મુંબઈ, ખાનદેશ, દક્ષિણ ભારત વગેરે શહેરોમાં સ્થળાંતર કરવા લાગ્યા. સ્થળાંતરથી વિકાસની સારી સંભાવનાઓ ઉભી થઈ. પણ તેના પરિણામે પરંપરાગત કૃષિ પદ્ધતિઓનું ધોવાણ થયું અને આપણા પૂર્વજોના રીત રિવાજોમાં પણ પરિવર્તન આવ્યું. નોંધનીય છે કે, કચ્છમાંથી પ્રારંભિક સ્થળાંતર કરનારા, મૂળ રાજપૂતો જે માંસાહારી હતા, તે શાકાહાર તરફ વળ્યા અને જૈન ધાર્મિક પ્રથાઓ સાથે સુસંગત થવા માટે તેમની રસોઈ વ્યવસ્થા અને ભોજન સાથે અનુકૂલન કર્યું.

**આંતર જ્ઞાતિય લગ્ન :** જ્ઞાતિના સભ્યો દ્વારા તેમના પરંપરાગત પરિવારોની બહાર લગ્ન કરવાના મુદ્દાને હાથ ધરવા માટે, કદઓ જ્ઞાતિએ 'સગપણ સેતુ' જેવી પહેલ શરૂ કરી. આ કાર્યક્રમનો ઉદ્દેશ જ્ઞાતિ લગ્નોને પ્રોત્સાહન આપવાનો છે. ખાસ કરીને જ્ઞાતિમાં ઓછા શિક્ષિત યુવાનોને યોગ્ય જીવનસાથી શોધવામાં મદદરૂપ થવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

**સાંસ્કૃતિક ઓળખનું જતનઃ** ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી મથકો અને વિદેશમાં સ્થળાંતર થવાથી પરંપરાગત રિવાજો અને ધાર્મિક વિધિઓ જાળવવામાં પડકારો ઉભા થયા છે. શહેરી સભ્યો ધાર્મિક વિધિઓને આધુનિક જીવનશૈલીમાં અપનાવી રહ્યા છે, જે ક્યારેક પરંપરાગત પ્રથાઓથી અલગ થવા તરફ દોરી જાય છે.

**જ્ઞાતિની પહેલ :** આ પડકારોના પ્રતિભાવમાં, વિવિધ કદઓ મહાજનો એક સાંસ્કૃતિક અને જ્ઞાતિ કેન્દ્ર તરીકે સેવા આપે છે. તે જૈન પરંપરાઓને પ્રોત્સાહન આપવા અને સભ્યોમાં એકતાને પ્રોત્સાહન આપવા માટે ધાર્મિક સમારંભો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને જ્ઞાતિજનો માટે અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

આ મુદ્દાઓ જ્ઞાતિની પરંપરાને આધુનિકતા સાથે સંતુલિત કરવાના પ્રયાસોને દર્શાવે છે, જેનો હેતુ બદલાતી સામાજિક-આર્થિક વ્યવસ્થા સાથે અનુકૂલન કરતી વખતે આપણા સાંસ્કૃતિક વારસાને જાળવવાનો છે.

પહેલગામ કાશ્મીરમાં આતંકવાદીઓના હુમલામાં
મૃત્યુ પામેલા સર્વે જીવાત્માઓની શાંતિ માટે
પ્રભુ પ્રાર્થના તથા
નિર્દોષ નાગરિકોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ દામજી દંડ
**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
શિલ્પાબેન અજાણી
ઍડ. કેતન મધુકાંત લોડાયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
ઍડ. શૈલેશ સનત્ શાહ
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૫, અંક : ૧૩, તા. ૦૫-૦૫-૨૦૨૫**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. - **તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

### કલર પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

### બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૪૧)

(૫.૪.૨૦૨૫ના અંકથી ચાલુ...)

નલિયાની બજારમાં આંટો મારી બધા યાત્રિકો વિદાયની ચા પી, બસમાં આવીને બેઠા. અમારી બસ શેઠશ્રી નરશી નાથા બાળાશ્રમ પાસે પાર્ક કરેલ હતી. બસમાં બેસવાની પહેલા આ બાળાશ્રમમાં ભણતા ભણી ગયેલા કેટલાક વિદ્યાર્થીઓ આંખની સામે તરવરવા લાગ્યા. તેમાંની એક ખાસ વ્યક્તિ તે સ્વ. શ્રી ચંપક રાયચંદ મુનવર ઓળખ જીવાણી. એમની સાથે શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીની એક ઘટના યાદ આવી ગઈ. મંડળની ચુંટણી થયેલી. અમે બને ઉત્તમ ઉમેદવાર હતા. અમે ખાનગીમાં નક્કી કરેલું કે જેને સૌથી વધુ મત પડે તે પ્રમુખપદ માટે ઉમેદવારી નોંધાવે સ્વ. શ્રી ચંપકને વધુ મત પડેલા પણ તેમણે મને કહ્યું "પ્રમુખપદ માટે તમે યોગ્ય ઉમેદવાર છો. હું તમારી ટીમમાં મંત્રી તરીકે સેવા આપીશ અને તે મને ગમશે. ત્યારે પછી ચંપકભાઈનું કોવત જોઈ તેમને અમારા શેઠની ફેકટરીમાં નોકરી અપાવેલ. ડોંબીવલીનાં ઘણા સામાજિક કાર્યક્રમોને ઉત્તમ રીતે પાર પાડવામાં તેમની કુશળતા હમેંશા કામ આવતી તેમને અચાનક તા. ૩૦-૯-૨૦૧૩માં ગુમાવવાનો અફસોસ રહેશે. અરજણભાઈએ બસનું હોર્ન વગાડ્યું અને શ્રી ચંપકને મનોમન શ્રદ્ધાંજલી અર્પી બસમાં ગોઠવાયો. અહીંથી તેરા થઈ અમારો રાત્રી મુકામ નારાયણ સરોવર હતો.

બસ નલિયાથી નીકળી ને તેરાનાં રસ્તાં પર દોડવા લાગી. બસમાં કેટલાક લોકોએ નલિયાની બજાર ખુંદી લીધેલ વસ્તુઓ એકબીજાને બતાવી રહ્યા હતા. કેટલાકને છેતરાયાનું દુઃખ હતું તો કેટલાકને મળેલ વસ્તુ અદ્‌ભૂત કળાગીરીથી શોભતી હતી, તેમને ગમી હતી તેનો આનંદ હતો.

રસ્તા પર જમણી બાજુ વી.આર.ટી.આઈ.ની સંસ્થા પસાર થઈ. વી.આરા.ટી.આઈનાં સંસ્થાપક પૂ. કાકા અને સ્વ.શ્રી તુલસી ગજરા યાદ આવી ગયા. તેમના વિશે જુનાં અંકોમાં વિસ્તારપૂર્વક લખ્યું છે. તેરાથી ભુજનાં રસ્તાનું વિસ્તરણ થતું હોવાથી રસ્તામાં ઠેક-ઠેકાણે વળણ (**DIVERSION**) હતા. અમારી બસે અચાનક ડાબીબાજુએ વળાંક લીધો અને તેરા દેરાસરજીનાં વિશાળ પાર્કિંગ ઝોનમાં અરજણભાઈએ છાંયડો જોઈ ગાડી ઉભી રાખી.

અહિંયા ફક્ત મંદિર દર્શન કરી, અણાથઈ કરી અમારે નારાયણ સરોવર પહોંચવાનું હતું. અહિંના અતિથીગૃહોનાં રૂમો અગાઉથી બુક થયેલ હોવાતી અમને રૂમો મળવી મુશ્કેલ હતી. યાત્રિકોને દેવશર્દન કરી, અણાથઈ કરી ૬.૦૦ વાગ્યા સુધી બસમાં આવી જવા વિનંતી કરી, હું, અરજણ, રમલુ ચાની ચુસ્કી લેવા નીકળી પડ્યા. તેરા જિનાલયથી વિદાય લેતા પહેલા શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથથી બિરાજમાન મુળનાયકનાં મંદિરનો આછેરો ખ્યાલ આપી દઉં.

સવંત ૧૯૧૫ના મહા સુદ-૫ને સોમવારનાં આ મંદિરના નિર્માણ અને પ્રતિષ્ઠા કરાવનાર શ્રેષ્ઠીજનો હતા શેઠશ્રી પાશ્વીર રાયમત શીવજી, શેઠશ્રી વિસરીયા મોતા, હીરજી (બુધ્ધા) અનો ડોસાભાઈ તો સામયનાં અચલગચ્છાધિપતિ આ. શ્રી. રત્નસાગર સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રા હતી.

(લેખકની નોંધ : કચ્છ દર્શન લેખાંકોમાં ફક્ત દેરાસરો, મંદિરો, કેટલાક જોવાલાયક સ્થળોનો ઉલ્લેખ કરવાથી કે લાખા ફુલાણી, રાયમલજી, ખેંગારજી કે વિજયરાજી, હા, રાજાઓ ક્યાં ? રાજાઓ વિશે લખવાથી કચ્છ દર્શન પુરુ થતું નથી.

આ રાજાઓ સ્થાપત્ય, સાહિત્યને બિરદાવતા. અરે કચ્છમાં સંસ્કૃતની પાઠશાળા હતી. કચ્છનાં કવિઓ, સાહિત્યકારો ઉપર તો એક એક લેખાંક કરી શકાય. કચ્છનાં લોકગીતો ભજનો ઉપર તો એક રાત્રીનો ડાયરો કરી શકાય.

કચ્છમાં વસવાટ કરી પ્રવૃત્ત થયા પછી મુંબઈના મિત્રો કહેતાં "કચ્છમેં આય કોરો" મારો જવાબ "કચ્છમેં કોરો નાય" કચ્છનો દરિયા કિનારો, કચ્છનાં ડુંગરો-મેદાનો-સ્થાપત્ય વગેરે અને સાથે અહિંના લોકગીતો, ભજનવાણી, સાહિત્ય સભાએ કચ્છી કવિઓ કવિયત્રીઓ શું નથી.

મને તો કવિ નિરંજનની કવિતા યાદ આવે...

**"કારા ડુંગર કચ્છજા, મથે ધોરાં ધણચરે,**
**મુંજી માતૃભૂમિ કે નમન..."**

તેથી હવે પછીથી ભાતીગળ કચ્છને મેં માણ્યું તે ગુંજે ન ભરતા તેનો ગુલાલ કરીશ. (વધુ આવતા અંકે...)

આપણી ધરોહર

# બે વ્યક્તિઓ વચ્ચેનો મૌખિક એગ્રીમેન્ટ એટલે એન્ગેજમેન્ટ...

ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨



હિન્દુ લગ્ન ભારતમાં સૌથી પ્રાચીન સંસ્કૃતિમાંના એક છે અને આજે પણ તે પૂરાણ દર્શન અને વૈદિક સંસ્કારના રૂપમાં મનાવવામાં આવે છે. ભારતમાં સગાઈને માત્ર બે લોકોના મિલન તરીકે જ નથી માનવામાં આવતી પરંતુ આ બે પરિવારોનું મિલન ગણાય છે. આ દરમિયાન ઘણા બધા રીતિ રિવાજ મનાવવામાં આવે છે, જેમાં બન્ને પરિવાર એક બીજાને સારી રીતે જાણી શકે.

સગાઈને અર્ધ બંધનકર્તા કરાર માનવામાં આવે છે, જેની કોઈપણ જાતનો નોંધણી કે પ્રમાણપત્ર નથી મળતું કે સગાઈ તોડવા માટે કોઈ મંજૂરી કે કોર્ટનું હુકમનામાની જરૂર નથી હોતી. એક જમાનામાં વચન ભંગ તરીકે ઓળખાતું અને તે માટે નાણાકીય દંડ લાગુ પડતો હતો. સગાઈની સૌથી મહત્વની વાત ત્યારે હોય છે જ્યારે બન્ને એકબીજાને અંગુઠી પહેરાવે છે. આ સોનાંની અથવા પ્લેટિનમની હોય છે, જેને પહેર્યા બાદ બન્ને એક નવા સંબંધમાં બંધાઈ જાય છે. લગ્નના પ્રસ્તાવની સ્વીકૃતીની ઘોષણા અને લગ્ન વચ્ચેનો સમયગાળો એટલે સગાઇ... સગાઇ સાથે જ લગ્નની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવે છે..

સગાઈનો ચોક્કસ સમયગાળો સંસ્કૃતિ અને સહભાગીઓની જરૂરિયાતો અને ઇચ્છાઓ અનુસાર બદલાય છે. પુખ્ત વયના લોકો માટે, તે ઘણા કલાકોથી લઈને ઘણા વર્ષો સુધીનો હોઈ શકે છે. બાળ લગ્નના કિસ્સામાં , સગાઈ બાળપણથી લગ્નની ઉંમર સુધી ચાલી શકે છે. છોકરીને જોવા જાય અને નક્કી થાય અને  ત્યારે સગપણ કહેવાય અને બધા સામે નક્કી થાય એને સગાઈ કહેવાય.

સગાઈની જવાબદારીઓ અને વિશેષાધિકારો અલગ અલગ હોય છે. મોટાભાગની સંસ્કૃતિઓમાં, સગાઈ કરનાર યુગલ એકબીજા વિશે શીખીને-જાણીને ઘણો સમય સાથે વિતાવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. કેટલીક ઐતિહાસિક સંસ્કૃતિઓમાં સગાઈ મૂળભૂત રીતે ટ્રાયલ લગ્ન હતા, જેમાં ફક્ત બાળકની કલ્પનાના કિસ્સામાં જ લગ્ન જરૂરી હતા. લગભગ બધી સંસ્કૃતિઓ ભાગીદારો વચ્ચે શારીરિક સંપર્ક સામેના નિયંત્રણો હળવા કરી રહી છે, એવી સંસ્કૃતિઓમાં પણ જ્યાં સામાન્ય રીતે તેના પર કડક પ્રતિબંધો હતા. સગાઈનો સમયગાળો એક તૈયારીનો સમય પણ માનવામાં આવતો હતો, જેમાં વરરાજાએ ઘર બનાવ્યું, વ્યવસાય શરૂ કર્યો અથવા અન્યથા પુખ્ત સમાજમાં પ્રવેશવાની તૈયારી સાબિત કરી.

આપણા સમાજમાં પણ સગાઈનો રિવાજ છે, એને ''દૂધ પીણું'' નામ પણ અપાય છે. જે બન્ને વચ્ચે એક મૌખિક કરાર પણ ગણી શકાય. છોકરાવાળાના મામા અને કાકા છોકરીના ઘરે જાય છે. જે એક પ્રકારના સાક્ષીઓ તરીકે પણ ઓળખાય છે. ચાંદીની થાળી રાખી કાચું દૂધ નાખી અને ખડી સાકર નાખી મીઠું દૂધ પીવડાવે છે. જેટલું દૂધ પીવાય એટલું પીવડાવે છે જે દૂધ મોઢું ઉપર કર્યા વગર પીવાનું હોય છે. તપેલીથી છોકરીના મામા નાખતા જાય અને છોકરાના મામા પિયે જાય. અને દૂધમાં નાખેલી સાકર જેવા મીઠા થાવ તે રસમ સાથે  જેમ દૂધમાં સાકર ભળી જાય તેમ પરિવારમાં દીકરી ભળી જશે તે તેનું ઉદાહરણ છે. ત્યારબાદ છોકરીના ગામના મહાજનના ચોપડે નામ ચડાવતા હતા જેથી સમાજને ખબર પડે કે આમનું સગપણ થઈ ગયું છે. જે અંગેનું અલગ રજીસ્ટરની પણ જાળવણી કરતા હતા અને મહાજને તેની નક્કી કરેલ નિયત ફી પણ હતી. સાથે પાંચ કિલો પેંડા લઈ જાય છે અને એ પેંડા છોકરીવાળાઓ તથા તેમના સગાવહાલાને વહેંચે છે. ૫૦૦ નું કવર સગુન થાળી નીચે રાખે છે અને એકબીજાને ગુલાલ છાંટે છે. આ દૂધ પીવાઈ જાય ત્યારે એકબીજા પરિવારને ''ખીર-વધાઈ'' આપે છે.

અન્ય સમાજોની વાત કરીએ તો સોની સમાજમાં ચુંદડી ઓઢાળી અને દાગીને ચડાવીને સગાઈ કરે છે, પટેલ સમાજમાં એક રૂપિયો આપીને સગાઈનો રિવાજ છે, સિંધી સમાજમાં મિસરી નારિયેળનો રિવાજ છે. આમ, આપણા સમાજમાં વડીલોએ કોઈપણ પરિવાર ઉપર ભાર ના પડે એવી વ્યવસ્થા રાખી હતી. પણ અન્યોને જોઈ આપણા સમાજમાં પણ આજકાલ ફેણફતૂરા વધી ગયા છે અને દેખાદેખીમાં હોટલમાં દૂધ પીવાનું રાખે છે. સગાઈમાં સગાવહાલાને બોલાવે અને છોકરીની ઘર-દેખાણી રાખે છે. પહેલાના જમાનામાં બંગડી પહેરાવી બધાની વચ્ચે વહુ તરીકે સ્વીકાર કરતા હવે રીંગ પહેરાવીને સ્વીકાર કરે છે. એ જ રીતે પહેલા જમાનામાં જમાઈ દેખણી પણ કરતા હતા હવે બને  પરિવારોનો સમન્વય કરી અને એક જ પ્રોગ્રામ રાખે છે.

# હરીશ નરશી ધારમશી

## સ્વદેશી બ્રાન્ડ, વૈશ્વિક સન્માન

શૂન્યમાંથી સર્જન કરનારા એચડી ફાયર પ્રોટેક્ટના પ્રણેતા હરીશભાઈની સિદ્ધિઓ અદ્વિતીય છે. સયુંકત કુટુંબ પરંપરા જાળવનારા આ વડીલનું જીવન ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારનું ઉમદા ઉદાહરણ છે. સેવાક્ષેત્રે એમનું યોગદાન અવર્ણનીય છે



## વ્યક્તિત્વ

સામાન્ય માણસ ધારે તો શું કરી શકે અને કેવો ભવ્ય બની શકે એનું જીવતું જાગતું ઉદાહરણ એટલે 'ધ હરીશભાઈ ધરમશી.' ત્યારના મૈસૂર રાજ્ય અને આજના કર્ણાટકના નાના શહેર બાગલકોટમાં જન્મ, દસેક જણના સંયુક્ત પરિવારમાં ભાડાના ઘરમાં પ્રારંભિક ઉછેર, કન્નડ, ગુજરાતી, મરાઠી ભાષામાં શિક્ષણ, મેકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી, હુબલીમાં હોસ્ટેલવાસ, ત્યાંથી મુંબઈના મુલુંડમાં વસવાટ, એન્જિનિયર તરીકે શરૂઆત, અનુભવના આધારે એચડી ફાયર પ્રોટેક્ટની સ્થાપના, પ્રગતિ, સફળતા... હરીશભાઈએ જીવનમાં અનેક ઉતાર-ચડાવ જોયા.

કહે છે કદમ અસ્થિર હો એને કદી રસ્તો જડતો નથી, અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી. એ નાતે હરીશભાઈ એક નાના પણ સચોટ નિર્ણય થકી બુલંદી સુધી પહોંચ્યા છે. એ નિર્ણય હતો વોલ્ટાસ જેવી પ્રતિષ્ઠિત કંપનીમાં કારકિર્દીની શરૂઆતમાં મળેલી નોકરી જતી કરીને નાનકડી કંપનીમાં, વોલ્ટાસથી અડધા પગારે કામ કરીને જ્ઞાન અર્જિત કરવાનો સંકલ્પ, ''વોલ્ટાસમાં બેએક દિવસ એપ્રેન્ટિશિપ કરીને સમજી ગયો કે અહીં મને કશું શિખવવામાં કોઈને રસ નથી. મેં પરિવારને જણાવ્યા વિના નોકરી બદલી. સાકીનાકાની કંપનીમાં સાવ નાનો સ્ટાફ પણ શીખવાની અપાર તક મળી. એના આધારે હું વેપારમાં ઝંપલાવવા સક્ષમ બન્યો.''

કચ્છી, ગુજરાતી, મારવાડીઓ બખૂબી જાણે છે કે પગાર અને અનુભવમાં અનુભવ મહત્ત્વનો છે. નાની કંપનીમાં સાડાપાંચ વરસમાં હરીશભાઈએ અનુભવની લખલૂટ કમાણી કરી. પછી ૧૯૮૩માં પાંચેક સિનિયર સાથીઓ સાથે જીવનની પહેલી કંપની સ્થાપી. જોકે કંપની જલદી સંકેલાઈ ગઈ, ''ઉત્તમ પ્રોડક્ટ અને સારો નફો છતાં બેફામ બિનજરૂરી ખર્ચને કારણે કંપની બંધ કરવી પડી. ત્યારબાદ નોકરીની, ભાગીદારીની ઘણી ઓફર્સ મળી પણ હું સ્પષ્ટ કે હવે જાતે આગળ વધવું છે.'' આ નિર્ણય મોટા પરિવર્તનનું કારણ બન્યો અને ૧૯૯૦માં જન્મ થયો એચડી ફાયર પ્રોટેક્ટ કંપનીનો.

આજે કંપનીનો ૪૦૦નો સ્ટાફ પરિવારની જેમ કામ કરે છે. જલગાંવમાં બારેક એકરમાં પથરાયેલી ફેક્ટરી, થાણેમાં ભવ્ય ઓફિસ સાથે કંપની વિશ્વભરમાં શાખાઓ ધરાવે છે. એચડીનાં ઉત્પાદનો એન્જિનિયરિંગની બારીકી, સુરક્ષિતતાની સર્વોપરિતાનો ખ્યાલ રાખીને બને છે. એનાં અત્યાધુનિક ઇન્ડસ્ટ્રિયલ ફાયર ફાઇટિંગ ઇક્વિપમેન્ટ્સ અમેરિકા સહિત વિકસિત દેશોમાં પ્રમાણિત છે. હરીશભાઈ કહે છે, ''અમારાં ઉત્પાદનો બીઆઈએસ, પેસો જેવી સ્થાનિક મંજૂરીઓ અને યુએલ, એફએમ, સીઈ, વીડીએસ, એએસએમઈ જેવી આંતરરાષ્ટ્રીય મંજૂરીઓ ધરાવે છે. એચડી ફાયર આઈએસઓ ૯૦૦૧:૨૦૧૫, આઈએસઓ ૧૪૦૦૧:૨૦૧૫ અને આઈએસઓ ૪૫૦૦૧:૨૦૧૮ પ્રમાણિત છે. કંપની લીન મેનેજમેન્ટ પર કામ કરે છે.'' આ ક્ષેત્રની જૂજ ભારતીય કંપનીઓમાં એચડી શિરમોર છે.

જોકે એચડી શરૂ થઈ ત્યારે ઇન્ડસ્ટ્રીમાં અલગ ગણગણાટ હતો. વક્રદ્રષ્ટાઓ કહી રહ્યા હતા, ''ભલભલી ભારતીય કંપનીઓ જ્યાં કશું ઉકાળી શકી નથી ત્યાં આ નવો છોકરો વળી શું કરવાનો ?'' એ 'નવા' છોકરાએ જે કર્યું એ હવે સૌને વિદિત છે. કંપનીનાં પ્રારંભિક વરસોમાં દેશમાં, 'ઇમ્પોર્ટેડ એટલે શ્રેષ્ઠ'ની માનસિકતા હતી ત્યાં એચડીએ, 'સ્વદેશી સર્વોત્તમ' સિદ્ધ કરીને પોતાને મુઠ્ઠી ઊંચેરી પુરવાર કરી. હરીશભાઈ કહે છે, ''નીતિ અને સમર્પિતતા હોય ત્યારે પરિણામ સો ટકા આવે.''

આજની પેઢી માટે હરીશભાઈ આ ગુણોનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સાદગી, સમર્પિતતા, પુરુષાર્થ, કુટુંબ વાત્સલ્ય, સ્નેહભાવ, મીઠી વાણી, વ્યવહાર કુશળતા, પરોપકારવૃત્તિ, સામાજિક અને ધાર્મિક કાર્યોમાં યોગદાન આપવું. સત્ય અને નીતિમત્તાને અનુસરવું... એ એમનાં સફળ થવાનાં પ્રમુખ કારણો છે. સંસ્કાર, સંસ્કૃતિસભર હરીશભાઈની સફળતા અથાક મહેનત, એમના વિઝન અને પરિવારના સબળ સાથથી શક્ય થઈ છે. ધરમશી પરિવાર પહેલેથી સંયુક્ત છે.

૧૯૮૨માં હરીશભાઈનાં લગ્ન કુસુમ સાથે થયાં. ત્યારે કુસુમભાભી કોલેજમાં લેક્ચરર હતાં. પછી તો એમણે પ્રિન્સિપાલ પદ સુધીની ઉજ્જવળ પ્રગતિ સાધી. દીકરી પરિકાનો જન્મ ૧૯૮૩માં થયો, ‘‘હું અને કુસુમ બેઉ કામકાજમાં હતાં. વળી મારે નવો વેપાર હોવાથી મારા ટાઇમ ટેબલના ધડા નહીં. દેશ-વિદેશ પ્રવાસ પણ થતો. એવું પણ થતું કે હું ઘેર પહોંચું તો પરિકા મને, એના પપ્પાને ઓળખે નહીં! મારે અને કુસુમે પણ સાથે સમય પસાર કરવા રાષ્ટ્રીય રજા જેવા દિવસોએ તક સાધી લેવી પડતી.’’ છતાં, પરિકાને પિતાના સ્નેહની ખોટ ના પડી. એને એ સ્નેહ મમ્મી ઉપરાંત કુટુંબના દરેક સ્વજનો પાસેથી મળી રહેતો. આર્થિક સદ્ધરતા વિનાના દિવસોમાં અને આજે પણ, ધરમશી પરિવાર સંયુક્ત છે. સૌ એકમેકનું જીવન સ્નેહ, લાગણી અને મીઠાશથી છલકાવી રહ્યા છે. હરીશભાઈ આ સંદર્ભે પોતાના બાળપણની વાત કરે છે, ‘‘નાનપણમાં અમે ભાઈબહેનો ક્યારેક કહેતાં કે જો બાપા (પિતાના મોટા ભાઈ) કહેશે તો પપ્પા એમના માટે સૂર્યને પણ ચંદ્ર કહેશે. અમે આવી પારિવારિક ભાવના જોતા મોટા થયા છીએ. આનંદ એ કે આજે અમારાં બાળકોએ આ પંરપરા જાળવી રાખી છે.’’

## વિચારસત્ત્વ

એક મજાની પંક્તિ છે, ‘‘સંપ માટીએ કર્યો તો ઈંટ થઈ, ઈંટનું ટોળું મળ્યું તો ભીંત થઈ.’’ જીવનના સાત સુંદર દાયકા વટાવીને પણ હરીશભાઈ સતત પ્રવૃત્ત છે. હવે કંપનીની ઘણી ચાવીરૂપ જવાબદારીઓ દીકરી પરિકા, જમાઈ મિહિર, ભત્રીજા સહિતના સ્વજનો સંભાળે છે. બારેક જણનું સશક્ત મેનેજમેન્ટ છે. નવી પેઢીના હાથમાં વેપારની મશાલ પ્રજ્વલિત રાખવાની જવાબદારી સોંપવા વિશે તેઓ કહે છે, ‘‘નવી પેઢીમાં વિઝન છે. સ્ટાફ નિષ્ઠાવાન છે. એથી હું નિરાંત માણી શકું છું. સાથે ઇતરેતર પ્રવૃત્તિઓ, સમાજસેવા કરી શકું છું. અમારી નીતિ છે કે કસ્ટમર જે અપેક્ષા અને વિશ્વાસ સાથે અમારા દ્વારે આવે એને સંતોષવાના મામલે રતિભાર સમાધાન કરવું નહીં. સ્ટાફમાં અમે અમારા સિવાયની ઇન્ડસ્ટ્રીમાંથી નીવડેલા લોકો લઈને એમનું અમારા કલ્ચર પ્રમાણે ઘડતર કરીએ છીએ. મેનેજમેન્ટમાં પણ સૌના પૉર્ટફોલિયો ફિક્સ્ડ છે.’’

પોતાની ઇન્ડસ્ટ્રી વિશે તેઓ કહે છે, ‘‘એકદમ બ્રાઇટ ફ્યુચર છે. એકાદ દાયકામાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક મહાસત્તા થવાના માર્ગે છે. અમારા ક્ષેત્રમાં અસાધારણ સ્કોપ છે. યુરોપની ઘણી કંપનીઓએ ફાયર પ્રોટેક્શન ઇક્વિપમેન્ટ્સનું મેન્યુફેક્ચરિંગ બંધ કર્યું છે. આ કંપનીઓ આપણી પાસેથી ખરીદી કરીને પોતાની બ્રાન્ડ હેઠળ એનું વેચાણ કરે છે. અમે કસ્ટમર ડિલાઇટના મામલે ક્યારેય બાંધછોડ નથી કરી. મને આનંદ છે કે વિશ્વની સૌથી મોટી કંપની આરામકોએ એચડીને સામેથી બોલાવીને અમારાં ઉત્પાદનો ખરીદ્યાં છે. ચીનનો સવાલ છે ત્યાં સુધી જે ભારતીય કંપનીઓ ટેલર-મેઇડ ક્વૉલિટી પ્રોડક્ટ્સ બનાવી શકે એમણે ડરવાની જરૂર નથી. ચીન જથ્થાબંધ ઉત્પાદનમાં આગળ હોય તો પણ કસ્ટમ મેઇડ, વિશિષ્ટ ચીજો બનાવવાની એને આપણા જેવી ફાવટ નથી. એચડી એટલે જ ચીનનું સપ્લાયર છે, નહીં કે બાયર.’’

એચડી વૈશ્વિક સ્પર્ધાનો વિચારશીલ રીતે સામનો કરે છે. એણે વ્હાઇટ લેબલિંગમાં પણ છલાંગો ભરી છે. હરીશભાઈ કહે છે, ‘‘મેન્યુફેક્ચરિંગ શક્ય ના હોય ત્યાં કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ શ્રેષ્ઠ વિકલ્પ છે. એમ કરતા અમે સુનિશ્ચિત કરીએ છીએ કે દરેક પ્રોડક્ટ ગુણવત્તાના મામલે એચડીના સ્ટાન્ડર્ડ મુજબની હોય.’’

જીવન સૌને મળે પણ બીજાના જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવનારા જીવનને સાર્થક કરે છે. હરીશભાઈ એમ કરતાં માન-સન્માન પણ પામ્યાં છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાયર એન્જિનિયર્સ, ઇન્ડિયાએ એમને લાઇફટાઇમ અચીવમેન્ટ એવૉર્ડથી નવાજ્યા છે. તેઓ નવ વરસ ફાયર પ્રોટેક્શન એસોસિએશન ઑફ ઇન્ડિયાના ચૂંટાયેલા પદાધિકારી રહ્યા છે. છેલ્લાં વીસ વરસથી તેઓ બીઆઈએસની સમિતિના સભ્ય અને વીસ વરસથી અમેરિકાનાં અગ્નિસુરક્ષાનાં ધોરણો ઠરાવતી યુએલના સભ્ય છે. પંદર કરતાં વધુ વરસથી અમેરિકાની એફએમની સલાહકાર સમિતિના સભ્ય છે. દુનિયાના ૩૨થી

વધુ દેશોનો પ્રવાસ ખેડી ચૂકેલા હરીશભાઈ, ઇન શોર્ટ, દેશ-વિદેશમાં પ્રતિષ્ઠા ધરાવે છે.

કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ માટે હરીશભાઈના વિચારો સોનાસમ છે, ''આપણે પહેલેથી વેપારખેડુઓ છીએ. એક જમાનામાં કપાસ, ટ્રાન્સપોર્ટ, હીરા જેવા ક્ષેત્રોમાં આપણો ડંકો વાગતો. આજે જ્ઞાતિના વેપારીઓ દરેક ફિલ્ડમાં છે. આપણે સ્વભાવે જવાબદાર, વિશ્વસનીય અને કામઢા પ્રોફેશન્લ્સ છીએ. આપણે સતત ડાઇવર્સિફેકશન કર્યું છે. મને ખાતરી છે કે સમય ગમે તેવો હોય, આપણો સમાજ પ્રગતિના ક્રમમાં પહેલો રહ્યો છે અને રહેશે.''

## સેવાવિશ્વ

પથ્થર પર કોતરાયેલા શિલાલેખ કાળક્રમે ભુંસાઈ જાય છે. કરેલાં સત્કાર્યો જન્મોજન્મ સુધી રહે છે. હરીશભાઈએ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો અવસર ક્યારેય જતો નથી કર્યો. એચડી પણ સીએસઆર હેઠળ પરોપકાર કરે છે. શિક્ષણ, રમતગમત અને સ્વાસ્થ્યલક્ષી સેવાઓમાં યોગદાન આપે છે, ''પપ્પા બોર્ડિંગ સ્કૂલમાં ભણ્યા હતા. તેઓ કાયમ કહેતા કે તમારી પાસે પૈસા થાય તો બોર્ડિંગમાં આપજો. અમે એમના શબ્દો અનુસાર બોર્ડિંગ સ્કૂલ્સને મદદરૂપ થઈએ છીએ.'' જ્ઞાતિના વિવિધ ઉપક્રમોમાં હરીશભાઈનું યોગદાન હોય છે. મુંબઈમાં જ્ઞાતિજનો સાથે ઘરોબો બાંધવાની તક એમને છેલ્લાં પાંચ-સાત વરસથી, જ્યારથી કંપનીનો રોજિંદો કારભાર નવી પેઢીએ સાચવી લીધો છે ત્યારથી, મળી છે. બાળપણ કર્ણાટકમાં, શિક્ષણ હોસ્ટેલમાં, યુવાની વેપાર વિકસાવવામાં વ્યસ્ત રહેવાથી પહેલાં આ સુખ ઓછું મળતું. હવે જ્ઞાતિની ઇવેન્ટ્સમાં સ્પોન્સરશિપ, ડોનેશન, ફંક્શન્સમાં હાજરી એમના જીવનનો અંતરંગ હિસ્સો છે. મણિકાંતભાઈ ધુલ્લા, હીરાચંદભાઈ દંડ જેવા સ્વજનો સાથે નિકટતા વધી છે. વિદ્યાર્થી સંઘની પ્રવૃત્તિઓ હરીશભાઈને ગમે છે, ''આપણા વિદ્યાર્થીઓને એકતાંતણે સાંકળવાનો સંઘનો પ્રયાસ સ્તુત્ય છે. આ પરંપરા આગળ વધારવા હું બનતો સાથ આપું છે. એમના વાર્ષિક નાટકને દર વરસે સ્પોન્સર કરું છું. સાથે સ્પોર્ટ્સ ઇવેન્ટ્સ, કેડીઓ ક્લાસિક, મુલુંડના સર્વોદય મંડળની ઇવેન્ટ્સ સાથે કનેક્ટેડ છું. મારી સમજણ છે કે યુવાનો એક રહે તો જ્ઞાતિપ્રેમ વધે અને વિકાસ થાય.''

સમાજને પાછું આપવાના મામલે એમના સેવાઆકાશમાં જલગાંવ પણ તારાની જેમ ટમટમે છે. ત્યાં એચડીએ શાળાઓમાં બાથરૂમ બંધાવ્યાં છે. હરીશભાઈ કહે છે, ''એનાથી બહેનો વિશેષ રાજી થઈ કારણ એમની મોટી સમસ્યા બાથરૂમ બંધાવાથી ટળી.'' કંપનીએ શાળામાં કોમ્પ્યુટર્સ પ્રદાન કરવાની, પોલીસ સ્ટેશન માટે વિશાળ હોલ બાંધી આપવાની અને અન્ય માળખાકીય સુવિધાઓમાં યોગદાન આપવાની સેવા કરી છે. ટાટા મેમોરિયલ હોસ્પિટલ સાથે પણ કંપનીનું દરદીઓ માટે કાયમી જોડાણ છે, ''ઘણાને ધર્મસેવા ગમે છે. મારો મત છે કે એ સિવાય પણ, શિક્ષણ સહિતનાં ક્ષેત્રોમાં કામ કરવાથી પણ પુણ્યોપાર્જન થાય છે. આ સેવાથી વ્યક્તિ સુશિક્ષિત થાય, એનો પરિવાર અને સમાજ પણ આગળ વધે. લોકોની પાયાની સુવિધાઓ માટે સ્વાસ્થ્યસેવા પણ અનિવાર્ય છે. બીજાના સુખને વધારવાથી સાર્વત્રિક સુખ પ્રસારવાનો આનંદ આપણા માટે પણ સુખનું કારણ બને છે.''

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

પ્રેમાળ જેમની સુરત, સદગુણો જેના શણગાર, સુખદુ:ખથી જેઓ નિરપેક્ષ, દિલના દાતાર હરીશભાઈએ બાળપણનાં સંભારણાં વાગોળતાં વાંચનનું મહત્ત્વ દર્શાવતાં સુંદર વાત કહી, ''બાળપણથી હું પ્રકાશ સમીક્ષા વાંચું છું. સમાજના આ મેગેઝિને જ્ઞાતિને ખરા અર્થમાં ધબકતી રાખી છે. આપણને એના માધ્યમથી જ્ઞાતિની તમામ માહિતી મળે છે. સો વરસનો એનો પ્રવાસ અનન્ય છે. હમણાંની વાત કરું તો હીરાચંદભાઈની કોલમ 'જાણવા જેવા માણસો' વાંચીને આનંદ થાય છે. ઘણું શીખવા-સમજવા મળે છે. એમના ટીનએજને પ્રોત્સાહન આપવાના પ્રયત્નો પ્રશંસનીય છે. પ્રકાશ સમીક્ષા એટલે જ્ઞાતિના સમાચાર, આપણી એકતા અને આપણા વિકાસનો ઉત્કૃષ્ટ દર્પણ. પ્રકાશ સમીક્ષાને શતાયુની સફળ દીર્ઘયાત્રા માટે ખોબલેખોબલે અભિનંદન અને ભવિષ્ય માટે શુભેચ્છા.''

આરોગ્ય પ્રકાશ

# ફેટલોસ કરવું જરૂરી, નહિં કે વેઈટલોસ



- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

આજકાલ લોકો હેલ્થ કોન્સિયસ થઈ ગયા છે એટલે જાડાપણા પ્રત્યે પણ જાગૃત થયા છે, વજન વધુ હોય તો એ ઘટાડવા પ્રયત્ન કરતા હોય છે. આજે બેઠાડુ જીવન, ખાનપાનની બદલાયેલી આદતોને લીધે જાડાપણું આવે છે અને આ જાડાપણું ઘણી બિમારીઓને નોતરે છે. બહાર મળતી વાનગીઓના અવનવા સ્વાદ અને વેરાયટીઓને લીધે આપણે ઘરના નાસ્તા, ફરસાણને છોડી બજારુ ખોરાક તરફ આકર્ષાયા છીએ. એ ઉપરાંત આજે સ્ત્રીવર્ગ પણ નોકરી-કામકાજમાં જોડાયા હોવાથી ઘરે બનાવવાનું મુશ્કેલ બન્યુ છે. આ બજારુ ખોરાકમાં સાકર, મીઠું, કેમિકલ્સ, પ્રીઝરવેટીવ વધુ હોય છે, મોટા ભાગની દરેક આઈટમ પામોલીન, રીફાઈન્ડ તેલ કે મટનટેલોમાં બનેલી હોય છે તે જ જાડાપણું અને બીજી બિમારીઓ આપે છે.

વ્યક્તિની ઉંચાઈ અને વજનની સપ્રમાણતા મુજબ વૈજ્ઞાનિકોએ નક્કી કરેલ BMI (Body Mass Index) ચાર્ટ બનાવ્યું છે. BMI=Weigt in Kg./Heigt in Meter આ ગણતરી કરતાં આવેલો જવાબ ૧૮ થી ૨૪ વચ્ચે રહેવું જરૂરી.

સમજ માટે ઉદા. - ૫'૧'' હાઈટ હોય તો ૪૫.૫ થી ૫૯.૧ કિલો વજન આદર્શ કહેવાય. ૫'૩'' હાઈટ હોય તો વજન ૪૭.૭ થી ૬૩.૬ કિલો વજન આદર્શ કહેવાય. વ્યક્તિ BMI ચાર્ટ મુજબ પોતાના આદર્શ વજનની ગણતરી કરી એ આદર્શ વજનમાં પોતાના શરીરને જાળવવાની કોશિશ કરે તો ઉત્તમ છે.

શરીરના વજનને ઘટાડવાની કોશિશ કરનારનું ધ્યેય વેઈટ લોસ પર હોય છે એટલે ખોરાક ઘટાડી વજન ઘટાડવું-ખરી રીતે ફેટલોસ કરવું જરૂરી છે. પાણી, પ્રોટીન પુરતા પ્રમાણમાં લેવું જરૂરી છે. પ્રોટીન ઘટે તો સ્નાયુનો વિકાસ ઘટે, અશક્તિ, થાક લાગે, સ્નાયુઓમાં પ્રોટીન જળવાવું જોઈએ. ચરબી પણ શરીરની આવશ્યક ચીજ છે પણ વધુ માત્રામાં ચરબી ખાસ કરીને પેટ પરની ચરબીનું પ્રમાણ વધુ તે નુકશાનકારક છે. પુરુષના પેટનો ઘેરાવો ૪૦ ઈંચથી ઓછો અને સામાન્ય સ્ત્રીના પેટનો ઘેરાવો ૩૫ ઈંચથી ઓછો હોવો જોઈએ.

શરીરની ચરબી ઘટાડવાનો ઉપાય છે ઓછી કેલેરીનો ખોરાક લેવો અને કસરત કરવી, ચાલવું, દોડવું, દાદરા ચડ-ઉતર કરવા વગેરે પરિશ્રમજનક કસરત કર્યાથી વજન જરૂર ઘટશે. મીઠું (નમક) દિવસભરમાં ૧ ચમચી એટલે કે ૫ ગ્રામ જ લેવું અને સાકર બિલ્કુલ બંધ-આટલું કર્યાથી પણ બે-એક મહિનામાં વજન ૫-૧૦ કિલો ઘટી જશે. સ્નાયુમાં જરૂરી પ્રોટીન ઘટાડ્યા વગર ચરબી ઘટાડવી એ જ મહત્ત્વનું છે. તે માટે દાળ, કઠોળ, ચણા, મઠ, મગ, સોયાબીન વગેરે લ્યો. ચરબી ધરાવતા ખાદ્યો-તળેલી આઈટમો, ફાસ્ટફૂડ, બજારું ખાદ્ય ફ્રોઝન અને પ્રોસેસ્ડ આઈટમ, ઠંડા પીણાં, ઠંડુ પાણી વગેરે બંધ કરવું, ફળ, શાકભાજી, ડ્રાયફ્રુટ લેવા જેથી વિટામીન અને ખનીજ મળી રહે, ઘઉં-ચોખાને બદલે બાજરી, જુવાર, કોદરી નાચણી, સામો જેવા મિલેટ્સ (જાડા ધાન્ય)નો ઉપયોગ કરો, જે ચરબી ઘટાડશે અને બીજી બિમારીઓથી બચાવશે. જમતી વખતે ભરપેટ ન ખાતા ઉણોદરીનો નિયમ પાળવો. ચૌવિહાર કરી કે શક્ય તેટલું જલ્દી જમી પછી કાંઈ ન ખાતાં સવારના ૮ સુધી ભૂખ્યા રહી ઈન્ટરમિટન્ટ ફાસ્ટીંગ કરવું આનાથી ચરબી ઓછી થવા સાથે અન્ય લાભ પણ થાય.

સવારે ખાલી પેટે હુંફાળું ૧ ગ્લાસ પાણી ૧ લીંબુનો રસ નાખી પીવું, મેથી દાણા (૧ નાની ચ.) રાત્રે ભીંજવી સવારે તે પાણી પી, ચાવી જવા, નાસ્તા પછી ૧ નાની ચમચી તજપાવડરની ફાકી પાણી સાથે લ્યો. દિવસ દરમ્યાન આલ્કલાઈન પાણી વાપરવું (સ્ટીલ કે કાચના જગમાં પાણી ભરી તેમાં કાકડી, દુધી, લીંબુ, અદરક, આવળા જે શક્ય હોય તેના ટુકડા નાખી રાખવું બે કલાક પછી તેનો ઉપયોગ કરાય. પાણી ઓછું લાગે તો ઉમેરી શકાય. સાંજે અંદર નાખેલી વસ્તુને ખાવી કે જ્યુસ બનાવી ઉપયોગમાં લેવી).

એવું જાણવા મળ્યું છે કે કેરળ, કર્ણાટકના ઘર આંગણે ઉગતું લીલા કે પીળા રંગનું, નાના કોળા જેવું દેખાતું મલાબાર ઈમલી નામનું ફળ (દક્ષિણ-પૂર્વ એશિયામાં અને સુપરફ્રુટ તરીકે જાણીતું છે) દિવસમાં ૨-૩ વખત એટલે કે અઠવાડીયામાં ૫૦૦ ગ્રામ જેટલું ખવાય તો ઝડપથી વજન ઘટે-ઝડપથી ચરબી ઓછી થાય.

સ્નાયુમાંથી પ્રોટીનનો ક્ષય થાય છે એ કેમ ખ્યાલ આવે? આપણે કસરત કરીએ, દોડીએ કે ચાલીયે ત્યારે જલ્દી થાકી

જઈએ તો સમજવું કે સ્નાયુમાં પ્રોટીનનો ઘટાડો થયો છે, જે આરોગ્ય માટે સારું નહિ, તરત જ ચેતી જઈ પ્રોટીનના ખાદ્યનો ખોરાકમાં વધારો કરવો. એટલું ધ્યાનમાં લ્યો કે ચરબી ઘટશે તો સ્ફૂર્તિ આવશે, થાક લાગશે નહિં.

આમ ચરબી ઘટાડવા ખાવામાં ફેરફાર કરવા ઉપરાંત બેઠાડું જીવન ત્યજી, પશ્ચિમોતાનાસન, ધનુરાસન, ચક્રાસન, ઘુંટણ વાળ્યા વગર પગના અંગૂઠા પકડવા, દોડવું, શારીરિક શ્રમ થાય તેવી રમતો રમવી, દોરી કુદવું, ડાન્સ કરવું, જે શક્ય હોય તો નિયમિત કરી, આદર્શ વજન જાળવી, શરીરને ફીટ એન્ડ ફાઈન રાખી ચરબી ઘટાડી. બિમારીઓથી દૂર રહીએ.

---

### વિગતવાર સમાચાર મોકલવા નિવેદન

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **– તંત્રી મંડળ**

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૦૪ થી ૦૬.૦૫.૨૦૨૫ :** સુથરીમાં દાદા ભલારા મુળ સ્થાન : ધ્વજારોહણ મહોત્સવ

**તા. ૭/૮ મે ૨૦૨૫ :** શ્રી આદિનાથ જિનાલય, મંજલ રેલડીયા તીર્થઃ ૧૪૨ મો ધ્વજારોહણ મહોત્સવ

**તા. ૭/૧૧.૦૫.૨૦૨૫ :** શ્રી શત્રુંજય એકેડમી આયોજિત ૧૫ થી ૩૦ વર્ષની બહેનો માટે શ્રી મુક્તિ જય ગુણ સંસ્કાર શિબિરઃ શ્રી વિમલનાથ નવગ્રહ ધ્યાનાલય, દેવલાલી.

**તા. ૧૪.૦૫.૨૦૨૫ :** શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ), રાયપુર (છ.ગ.)ની ૨૫મી ધ્વજા મહોત્સવ, શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન દ્વારા સંચાલિત શ્રી કુંથુનાથ જૈન શ્વેતાંબર જિનાલય (અચલગચ્છ). ફાફાડીહ, રાપુર (છ.ગ.)

**તા. ૧૭.૦૫.૨૦૨૫ :** નલિયામાં શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનનું નૂતનીકરણ : ૧૫ રૂમોની નવી વિંગ, ઉપહાર ગૃહ તથા બન્ને વિંગને જોડતી લિફ્ટનું ભૂમી પુજન.

## આણંદ પરિવાર – તેરા તીર્થ, શાલીભદ્ર પેટી યાત્રા પ્રવાસ – સાઉથ ટુર

ઉપરોક્ત યાત્રામાં બધું સુખરૂપ ચાલી રહ્યું હતું, ત્યારે કલિકટમાં ફક્ત રીક્ષામાં બેસવા જતા શ્રીમતી જયા ધનપાલ દંડના સાથળનું (આપણા શરીરના સૌથી મોટું) હાડકું તૂટી ગયું, એ પણ એવી રીતે જેમ શેરડીનો સાંઠો તૂટે.

કલિકટના યુવાનો તરત જ ભેગા થયા, એમ્બ્યુલન્સ બોલાવી અને તેઓને તુરંત મોટી હોસ્પિટલમાં લઈ ગયા.




એક્સ–રે થયા પછી, ત્યાંના યુવાનોના સંપર્કના કારણે ત્વરિત ડોક્ટરની સલાહ મળી. મુંબઈના ડોક્ટરોએ પણ સ્પષ્ટ કહ્યું કે તેમને મુંબઈ લઈ જઈ શકાય નહીં – ત્યાં જ ઓપરેશન કરવું રહયું.

કલિકટના યુવાનોએ પોતાના સર્વે કામો છોડી, એક અપરિચિત એવી વ્યક્તિ માટે શાનદાર સહકાર આપ્યો – દરેક ક્ષણે ખડે પગે મદદ માટે હાજર રહ્યા. દીપકભાઈ, પ્રીતિબેન મોતા અને અન્ય લોકોએ ખાવા–પીવાની સુંદર વ્યવસ્થા પણ કરી.

યુવાનોના નામ : લોકીત દીપક મોતા, કૈલાશ જીતેશ ભોજક, અનુપ બંસી વ્યાસ, વિરાટ સુનિલ સંઘવી, જેસલ કિરીટ સંઘવી.

ખરેખર આ યુવાનોની અને કલિકટમાં રહેતા સર્વે આપણા કદઓ ભાગ્યશાળીઓની ઘણી જ અનુમોદના. જેમણે સંકટ સમયે સાંકળનું કામ કરી અને એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું.

આવી જ બંધુત્વની અને જ્ઞાતિ પ્રત્યે ભાવના હંમેશા સર્વેના હૃદયમાં વરસતી રહે એ જ શુભ ભાવના.

**લી : જયા ધનપાલ દંડ**

**મોકલનાર : શ્રી કુમાર બાબુભાઈ દંડ-તેરા (ભાંડુપ)**

# વનિતા વિશ્વ

નામ ક્યાંક સાંભળ્યું હોય એવું લાગે છે ને? થોડા વરસ પહેલા સુધી ''પ્રકાશ સમીક્ષા'' માં પ્રકાશિત થતો સ્ત્રીઓનો માનીતો વિભાગ એટલે ''વનિતા વિશ્વ''.

જેમાં સ્ત્રી ઉપયોગી લેખ, કવિતાઓ, વાનગીઓ, વગેરે-વગેરે રહેતું. જેનો સ્ત્રીઓ ખૂબ લાભ લેતી. હોંશે હોંશે વાંચતા.

એ વિભાગને આપણે ફરીથી શરૂ કરીએ તો? નવા નામ સાથે , નવા કામ સાથે.

આજે સ્ત્રીઓ ઘણી આગળ નીકળી ગઈ છે. પુરુષ સાથે ખભે ખભા મિલાવીને ચાલી શકે છે. કંઈક એમની પાસેથી પણ જાણીએ. પરંતુ ''જૂનું તે સોનું'' કહેવાય એ રીતે જૂના રીત રિવાજ, પરંપરાઓ, વાનગીઓ વગેરે ન ભૂલવું જોઈએ. એમાં આપણે નવું કંઈક ઉમેરીને નવી રીતે નવું કંઇક શરૂ કરીએ.

આ વિભાગમાં આપણે સ્ત્રીઓને લગતી સમસ્યાઓ, એના અનુસંધાન માં લેખો, કવિતાઓ, ઉપયોગી ટીપ્સ, જુની પારંપરિક તેમજ ultra modern વાનગીઓ વિશે પણ જાણીશું.

ક્યારેક આપણે પ્રતિયોગિતાઓ પણ રાખીશું. જેમાં બધા પોતાના મંતવ્યો પ્રગટ કરી શકે. દરેક અંકમાં એવું અવનવું લાવીશું કે બધાને ઉત્સુકતા રહે કે હવે આગામી પ્રકાશ સમીક્ષાના અંકમાં ''નારી જગત'' માં શું આવશે?

આપણે આપણા સમાજમાં રહેલી ખૂબ નામના ધરાવતી મહિલાઓ, જેમણે સામાજિક કાર્ય કર્યા હોય, કોઈ પોતાનું બિઝનેસ ચલાવી રહ્યા હોય અથવા નોકરીમાં કોઈ મોટા પદે કામ કરતા હોય એવી સન્નારીઓના interview પણ પ્રકાશિત કરીશું.

છેલ્લે એટલુંજ કહેવાનું કે

This is of the woman, for the woman and by the woman.

આ વિચારણા બદલ તમારા મંતવ્યો what's app કરીને મોકલી શકો છો. અમે આતુરતાથી વાટ જોઈ રહ્યા છીએ



**- માલતી હરીશ ધરમશી**
**નવી મુંબઈ**
Mo. 98692 89345

## વસ્તી ગણતરી વખતે

જાતિ આધારે થનાર વસ્તી ગણતરીની જાહેરાત થઈ છે, જે ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે ! આપને ત્યાં જે સરકારી પ્રતિનિધિ સર્વે કરવા આવે ત્યારે દરેક જૈન ફિરકાના કચ્છી, ગુજરાતી કે મારવાડી જૈન શ્રાવક/શ્રાવિકા, જાતિની કોલમમાં 'જૈન' લખાવવું આવશ્યક છે જેથી ભારતમાં જૈનોની ચોક્કસ સંખ્યા, સરકારના ચોપડે નોંધાય! આપણું, જૈનોનું સંખ્યાબળ આપણે પણ જાણી શકીએ અને એના આધારે, સરકારના જૈનો પ્રત્યે ઘડાતા અયોગ્ય અને અણઘડ કાયદાકીય મુદ્દાઓ સામે, સામૂહિક પ્રયાસો કરી, વ્યાજબી ફેરફાર કરાવી શકાય!!

જેમ ટ્રાન્સપોર્ટ લોબી, ફાર્મા લોબી, વેપારી લોબી અને ખેડૂત લોબી, વિગેરે બધી મજબૂત લોબીઓ છે અને સરકારના નિર્ણયોમાં સુધારા સૂચવી, યોગ્ય કરાવી શકે છે!!

સૌ જૈન સમુદાયને નમ્ર સૂચન સાથે વિનંતી કે આ વસ્તી ગણતરીના થતા સર્વે સમય, જાતિની કોલમમાં જૈન શબ્દ લખાવજો. **- વસંત - કચ્છ કેસરી**

## ગતાંકનો સુધારો

**ગતાંકમાં પાના નં. ૧૮ પર પ્રકાશિત થયેલા નીચે મુજબના સમાચારમાં જીતો ઘાટકોપરના કન્વીનર જયશ્રીબેન દંડનો ૯૮૯૨૨૧૫૫૬૦ પર સંપર્ક કરવો.**

**જીતો એજ્યુકેશન સહાય કાર્યક્રમ**

જૈન વિદ્યાર્થીઓ માટે જીતો વ્યાજમુક્ત નાણાં સહાય કરે છે. સારી કોલેજોમાં ગ્રેજ્યુએટ/અનુસ્નાતક વર્ગો માટે દેશ વિદેશમાં ઉપલબ્ધ બધા પાઠ્યક્રમ માન્ય. ટ્રસ્ટીઓની ભલામણ નહીં પણ સ્થાનિય જૈન સમાજની ચીઠ્ઠી, ઓળખપત્ર, મધ્યમ અને ઓછી આવકવાળા વિદ્યાર્થીઓને પ્રાધાન્ય.

સહાયની રકમ લાભાર્થી દ્વારા કોર્સ પૂરો થયા બાદ નોકરી/વ્યવસાયની આવક થતાં પરત કરવાની રહેશે. એમ ઘાટકોપર જીતો ચેપ્ટરની યાદીમાં જણાવાયું છે. ઈચ્છુક વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. જે પ્રક્રિયા પૂરી થતા ૧૦ દિવસ લાગે છે.

## પાલીતાણામાં આવેલ ધર્મશાળા માટે મેનેજર જોઈએ છે

પાલીતાણા મધ્યે આવેલ ધર્મશાળા માટે પીઢ મેનેજરની જરૂર છે. ફ્રી માં રહેવાની તથા જમવાની સગવડ આપવામાં આવશે. કપલ (બે જણા) હશે તો તેમને પણ કંશીડર કરવામાં આવશે. એકાઉન્ટ તથા કોમ્પ્યુટર જાણકારને કંશીડર કરવામાં આવશે. ઈચ્છુક વ્યક્તિએ નીચેના નંબર ઉપર સંપર્ક કરવો. બાયોડેટા વોટ્સએપથી મોકલી આપવો.

**(send Biodata on WhatsApp)**

**મોબાઈલ નંબર 79001 21954**

**કોન્ટેક ટાઈમ**

9.30 to 1.00 a.m., 4.00 to 9.00 p.m.

**જૈનભાઈને પ્રથમ તક.**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**Full પૈસા વસુલ Offer**
**જો આયેગા વો પાયેગા**
**નહીં આયેગા વો પછતાયેગા**

- હેન્ડ પારસી ગારા સાડી, દુપટ્ટા
- મશીન પારસી સાડી, કુર્તી, દુપટ્ટા, Stoll, બોર્ડર.
- Party Wear Saree.
- રંગબેરંગી બાંધણી, દુપટ્ટા
- કોટન કોટા વીવીંગ તથા એમ્બ્રોયડરી સાડી.
- દાદી-નાનીને પ્રસંગમાં પહેરવા લાઈટ વેઈટ સાડી.
- પ્લેન પોતમાં (અનેક વેરાયટી)
- ફેન્સી મસલીન કોટન પ્રીન્ટેડ કુર્તી સેટ (3 pcs, 2 pcs, A/c જેવી ઠંક આપે તેવું મટીરીયલ)
- દરેક જાતનું એમ્બ્રોયડરી વર્ક તમારી પસંદગી મુજબ સાડી-ચણીયાચોળી, ડ્રેસ, ઓલ્ટ્રેશન.

**SPL OFFER :** ફક્ત સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા, બોર્ડર, બ્લા, સેલા, ચંદરવા, પોડીયા, બજાર કરતાં વધારે ભાવથી વેંચવા જુની અને જાણીતી દુકાન.

**રોકડા રૂપિયા-સંતોષકારક વળતર-તરત જ ફાઈનલ**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.ર,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

## -: ઘાટકોપર, મુંબઈ સ્થિત કન્યાછાત્રાલય માટે ગૃહમાતા જોઈએ છે :-

**સંપૂર્ણ બાયોડેટા તથા બે રેફ્રન્સ સાથે સ્વઅક્ષરે અરજી કરો**
**રહેવા-જમવાની સગવડતા સાથે**

## પગાર યોગ્યતા મુજબ

## શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન કન્યાછાત્રાલય

## C/o શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ

**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ, લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ) - મુંબઇ-૪૦૦૦૮૬**

**ફોન : ૮૬૫૭૬ ૩૭૩૨૦**

વાર્તા

# આવો ને ગિરિધારી

**ચંદ્રિકાબેન ભૂપેન્દ્ર લોડાયા-જખૌ (પુના)**
chandrikalodaya@hotmail.com



આગંતુક વિદાય થતાં પ્રકાશે શક્ય તેટલો વધારે સમય લઈને દરવાજો બંધ કર્યો. લેખાનો સામનો કરવાનો એ ટાળવા માગતો હતો. કેટલી વાર સુધી એ શક્ય હતું? એણે ત્રાંસી નજરે જોયું કે એ ચા-નાસ્તા માટે વપરાયેલાં મગ અને પ્લેટો ટ્રેમાં એકઠાં કરી રહી હતી. રસોડામાં બધું મૂકીને એક મિનિટમાં પાછી આવી જશે. લેખા રસોડામાં ગઈ એ તકનો લાભ લઇ તે બાથરૂમમાં ઘૂસી ગયો. લેખાને થનારી હાડમારી અને સંતાપ એ જાણતો હતો. પાછલી ઉમરમાં લેખાને આવી બધી તકલીફોમાંથી એ બચાવવા માગતો હતો પરંતુ ઉપાધિ વીજળીની જેમ અચાનક ત્રાટકી પડતી હતી. જિંદગીમાં આ તબક્કે પણ અસલામતી અને અનિશ્ચિતતા રહે તે બરાબર નહોતું. છતાં માર્ગ કાઢવો શી રીતે? આ પાંચ-દસ હજારનો પ્રશ્ન નહોતો. ઓછામાં ઓછા પંચોતેર-એંસી લાખ હાથમાં જોઈએ.

'પૈસો હાથનો મેલ છે.' એવા પોપટિયાં વાક્યો ઉચ્ચારનારને એક અડબોથ લાગાવી દેવાનું એને મન થયું. કહેનારે ચોક્કસ સાત મણની તળાઈમાં સૂતાં સૂતાં આવાં વેણ કાઢ્યાં હશે. બાકી જિંદગીની રઝળપાટનો અનુભવ લેનારે તો ભગવાનને જ આહ્વાન આપ્યું છે, 'ગગનવાસી ધરા પર બે ઘડી શ્વાસો ભરી તો જો!' જો કે લેખા મુસીબતો માટે ભગવાનને કોસ્યા વગર એના ગિરિધારીની ભક્તિ કર્યા કરે છે. હમણાં પણ એના ગિરિધારીએ આપેલો ફેંસલો થોડી નારાજગી દર્શાવ્યા પછી સ્વીકારી લેશે. વારંવારની આ મુસીબતમાંથી લેખાને બચાવવાનો એક જ રસ્તો છે! ફલશ છોડતાં પ્રકાશે વિચાર્યું.

દીવાનખાનામાં લેખા એની રાહ જોતી બેઠી હતી. ઉપાય બહુ ગમતો નહોતો છતાં તદ્દન વર્જ્ય પણ નહોતો લાગતો. સિધ્ધાર્થ થોડો પારકો છે? પોતાના નિર્ણયે પ્રકાશને જરા સ્વસ્થતા આપી.

'વળી પાછાં અહીંથી ઉચાળા ભરવા પડશે!' લેખા પ્રકાશને જોતાં બોલી.

'ખરું, તને ઘણી તકલીફ થશે.'

'હું તો બિલાડી બચોળિયાં ફેરવે તેમ સામાન ફેરવી ફેરવીને કંટાળી ગઈ છું! ઓગણીસ વર્ષમાં આ આઠમું ઘર છે.'

'એકના એક ભાડૂતને રાખતાં ઘર માલિકો ડરે એટલે બે-ચાર વરસે ખાલી કરાવે.'

'જરા ઠરીઠામ થઈએ, આડોશ-પાડોશ ફાવી જાય ત્યાં જવાનો વારો આવે!'

'દર બે ત્રણ વરસે નવું ઘર શોધવાનો અને માંડવાનો તને કેટલો કંટાળો આવે એ હું સમજું છુ છું. મને પોતાનેય નથી ગમતું.'

'શું થઈ શકે?' લેખાએ અન્યમનસ્કપણે કહ્યું.

'આપણે પોતાનું ઘર ન લઇ શક્યા. ભાડાના ઘરોમાં જિંદગી કાઢી નાખી.' પતિની અસ્વસ્થતા જોતાં લેખાએ હંમેશાની તટસ્થા પાછી મેળવી લીધી.

'જેવી ઈશ્વરની ઈચ્છા.' એણે કહ્યું.

'બધું ઈશ્વર પર છોડીએ તો એ પણ થાકી જાય. કાંઇક તો આપણેય કરવું પડે!'

કાંઈ થઈ શકે એવું હોય તો કરીએ ને! લેખાએ જાણે શરણાગતિ સ્વીકારી લીધી.

'મને લાગે છે આપણે સિધ્ધાર્થને વાત કરી જોઈએ. એ સગવડ કરી શકે તો ઠીક છે નહીં તો જોઈ લેશું.'

'સિધ્ધાર્થને પોતાની મેળે સૂઝ્યું નથી તો એની પાસેથી આટલો બધો ખર્ચ કરાવવાનું તમને યોગ્ય લાગે છે?'

'મારા હિસાબે એને વાંધો નહીં આવે. એ સારું કમાય છે.'

સિધ્ધાર્થ પણ પોતાના ઘરની લોનના હપ્તા ભરે છે!

સિધ્ધાર્થને બે ઘરની લોનના હપ્તા ભરવા પડશે પણ એની પત્ની જોબ કરે છે એટલે એનોય ટેકો છે. મને લાગે છે એને વાત કરવામાં હરકત નથી.

સિધ્ધાર્થ દંપતીનો એક માત્ર પુત્ર હતો. ભણવામાં તેજસ્વી સિધ્ધાર્થને ગ્રેજ્યુએશન પછી ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જવું હતું. પરિવાર ખાધે પીધે સુખી હતો પરંતુ પરદેશની મોંઘી દાટ યુનિવર્સિટીમાં ભણાવી શકાય એવી પ્રકાશની કમાણી નહોતી. તે છતાં દીકરાના સ્વપ્નને પૂરું કરવાનો નિર્ણય દંપતીએ લીધો. અત્યાર સુધીની જે બચત હતી તે પૂરી થાય તેમ નહોતી તેથી પ્રકાશના પ્રોવિડન્ટ ફંડના પૈસા ઉપાડી લેવાનું એમણે નક્કી કર્યું.

'આપણે આ પૈસામાંથી આપણું પોતાનું ઘર લેવાનાં

હતાં તે હમણાં નહીં લઈએ. સિધ્ધાર્થ કમાતો થાય પછી આરામથી લેવાઈ જશે.' એમણે વિચાર્યું.

વર્ષોથી પ્રકાશના મામાના જૂના બંગલાના જરા અલગ પડતા બે ઓરડામાં આ કુટુંબ રહેતું હતું. બંગલામાં પ્રકાશનો ભાગ નહોતો પણ મામાની સાથે સારા સંબંધ હોવાને લીધે બધું સરળતાથી ચાલતું હતું. થોડા મહિના પહેલાં મામાનો દેહાંત થતાં હવે વધુ ખેંચાય તેમ નહોતું. મામાના ઉપકારનો બદલો એમના પુત્ર પાસેથી પૈસા માગીને વાળવાનું પ્રકાશના સ્વભાવમાં નહોતું તેથી પતિ-પત્નીએ પ્રોવિડન્ટ ફંડના પૈસામાંથી ઘર લેવાનું નક્કી કર્યું હતું.

પુત્રની આકાંક્ષા અને એમની આકાંક્ષા વચ્ચે કોઇ ભેદ નહોતો રહ્યો. પુત્રની કામના એ એમની જ કામના બની ગઈ. માતા કે પિતા બનતાં અદ્વૈત શું છે એ બરાબર સમજાય છે. જાણે એ માત્ર સિધ્ધાર્થનું સ્વપ્ન નહોતું. ત્રણેએ સાથે મળીને એ જોયું હતું, એને પૂરું કરવા સાથે મળીને કમર કસી હતી. ત્રણેને ખાતરી હતી જયારે ખુશહાલી આવશે ત્યારે એ પણ ત્રણેની હશે. સિધ્ધાર્થ કહેતો, 'મમ્મી-પપ્પા, હું કમાવા લાગીશ પછી આપણે બહુ મજા કરીશું.'

અપેક્ષા પ્રમાણે જ અમેરિકાની યુનિવર્સિટીમાં સિધ્ધાર્થ અવ્વલ નંબરે પાસ થયો. પછી તો સફળતાની સીડી એને હાથવેંતમાં હતી. એ ઝડપથી એકની પાછળ બીજું અને ત્રીજું એમ પગથિયાં ચડવા લાગ્યો. આજે એ એક મલ્ટી નેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર માતબર પગારથી કામ કરતો હતો. આ દરમ્યાન લોકો જેના માટે ઝંખે છે એ બધું એને પ્રાપ્ત થયું હતું. શિક્ષિત અને સુંદર પત્ની, બે રૂપાળાં બાળકો, સરસ મજાનું ઘર અને વૈભવી કહી શકાય એવી લાઈફ સ્ટાઈલ. સિધ્ધાર્થ અમેરિકામાં જ વસી ગયો તો શું થયું ? એ દર વર્ષે માતા-પિતાને મળવા આવતો. એમને ચારેક વાર અમેરિકા બોલાવીને સારી પેઠે અમેરિકા પણ બતાવ્યું હતું. માતા-પિતાને એનાથી સંપૂર્ણ સંતોષ હતો. હા, એની પત્નીમાં ઉષ્મા ઓછી જણાતી પરંતુ તે મન પર લેવા જેવું નહોતું. ધરતીને પણ વરસાદની મોસમ શરૂ થાય ત્યારે ભીંજાતાં વાર લાગે છે. માતા-પિતા સિધ્ધાર્થની દરેક સિધ્ધિમાં ત્રણેએ સાથે જોયેલા સ્વપ્નની પૂર્ણાહુતિ અનુભવતાં. એમાંય બે વર્ષ પહેલાં તેણે પોતાનું ઘર લીધું ત્યારે એમના આનંદનો પાર ન રહ્યો. એમના માટે પોતાના કે સિધ્ધાર્થના ઘર વચ્ચે કોઈ ભેદ નહોતો. છેવટે જેની ઝંખના હતી તે પોતાનું ઘર તો થયું!

લેખા અને પ્રકાશે વિચારણાના અંતે સિધ્ધાર્થને વાત કરી જોવાનું નક્કી કર્યું. એમનું ગણિત સાદું હતું. સિધ્ધાર્થ ઘરમાં પૈસા રોકશે તો એના પોતાના માટેય ભવિષ્યની મૂડી થશે. એ રાતે જ એમણે પ્રકાશને ફોન કર્યો. કુશળતાના સમાચાર પૂછી ફોન સ્પીકર પર રાખતાં પ્રકાશે વાત આદરી.

ઘરમાલિકે ઘર ખાલી કરવા જણાવ્યું છે.'

'ઓહ!' પ્રકાશને દુઃખ થયું. 'બીજું ઘર જોયું?' એણે પૂછ્યું.

'હજી શરૂ નથી કર્યું. પણ મને થાય છે કે આપણે પોતાનું ઘર જ લઈ લઈએ તો? વારંવારની ફેરબદલીથી મમ્મી થાકી ગઈ છે. મને પણ કંટાળો આવે છે.'

કેટલામાં થશે એનો તમને ખ્યાલ છે?' સિધ્ધાર્થે પૂછ્યું.

'આપણને બે બેડરૂમ જોઇશે એટલે પંચોતેરથી એંસી લાખ થશે. આપણે લોન લઇ શકીએ. મહિને સાઠ-પાંસઠ હજારનો હપ્તો ભરવાનો આવશે.'

'મહિને આઠ સો-નવ સો ડોલર થાય અને શરૂઆતમાં દસેક હજાર ડોલર આપવા પડે.' વિચાર કરતાં સિધ્ધાર્થે કહ્યું.

'નાનકીની સ્કુલ માટે બચાવીએ છે એમાંથી આપશો કે ખર્ચાઓ પર કાપ મૂકશો?' નજીકમાં રહેલી એની પત્નીનો અવાજ આવ્યો જે પ્રકાશ અને લેખાને સંભળાયો.

'તું વિચાર કરીને મને કાલે જણાવજે. તને બોજો થતો હોય તો અમે ભાડાનું ઘર ગોતીશું.' બીજી થોડી સામાન્ય વાતો થયા પછી બંને બાજુથી ફોન બંધ થયા.

હજુ સુધી એમને ઘર ચલાવવામાં મુશ્કેલી નહોતી પડી. રિટાયર થયા પછી પ્રકાશે કન્સલટન્સી ચાલુ કરી હતી જે સારી ચાલતી હતી અને એમનો ખર્ચ મર્યાદિત હતો. અત્યાર સુધી દીકરા પાસે હાથ લાંબો કરવાનો વારો નહોતો આવ્યો.

બીજા દિવસે પ્રકાશે વિડિયો કોલ કર્યો.

'મમ્મી-પપ્પા, હમણાં ઘરનું ઇન્વેસ્ટમેન્ટ નહીં કરી શકાય . તમે તો જાણો છો કે મારા ઘરની લોનના હપ્તા ચાલુ છે. બિટ્ટુની સ્કુલ ફી બહુ આકરી છે અને અહીં કેટલા ખર્ચા હોય છે તેનો તમને ખ્યાલ છે જ.' સિધ્ધાર્થ જાણે ગોખેલું બોલતો હોય તેમ બોલતો હતો.

નિરાશા રોકવાનો પ્રયત્ન કરવા છતાં પ્રકાશના સ્વરમાં ઢીલાશ આવી ગઈ, 'ઠીક છે, બેટા, એમ થતું હતું કે આ ઉમરે હવે સ્થાયી રહેવા મળે તો સારું.'

'પપ્પા, અહીં મોટા ભાગના લોકો ભાડાના ઘરમાં જ

રહે છે. ઇન્ડિયામાં આપણા મનમાં એવું ઠસેલું હોય છે કે પોતાનું ઘર જોઈએ.' સિધ્ધાર્થની બાજુમાં બેઠેલી એની પત્ની બોલી.

'કાંઈ વાંધો નહીં, આટલાં વર્ષોથી ભાડાના ઘરમાં રહીએ છીએ તો હજુ પણ રહેશું.' પ્રકાશે લાંબું કર્યા વગર ટૂંકમાં પતાવ્યું.

ફોન પતતાં બંનેએ એકબીજા સામે જોયું.

'એનેય પોતાનો સંસાર છે ને ખર્ચા હોય! 'લેખાએ નિઃસાસો નાખતાં કહ્યું. પછી હસવાનો પ્રયત્ન કરતાં ઉમેર્યું, 'આપણને વળી ભાડાના ઘરની ક્યાં નવાઇ છે!'

બંને એકબીજાના મનની અપ્રગટ વાત સમજી ગયાં. હવે સિધ્ધાર્થનાં સપનાં એનાં પોતાનાં હતાં. એમાં એમનો ભાગ નહોતો. સિધ્ધાર્થે પોતાનું આગવું વર્તુળ દોરી લીધું હતું જેમાં માત્ર અમુક લોકોને પ્રાથમિકતા હતી. માતા-પિતા હટીને વર્તુળની સીમા પર આવી ગયાં હતાં.

પ્રકાશ અને લેખાએ ભાડાનું ઘર શોધવાનું ચાલુ કરી દીધું. લેખાએ નક્કી કર્યું કે ન વપરાતો અમુક સામાન નવા ઘરમાં ન લઈ જવો. એણે મજાકના સ્વરમાં પ્રકાશને કહ્યું,

હવે ખપ પૂરતી ચીજો જ ઘરમાં રાખવી છે. ક્યારેક કામ લાગશે માનીને જે ચીજો સંઘરી છે તે બધી કાઢી નાખું છું. મારા મર્યા પછી સિધ્ધાર્થની પત્ની મને ગાળો આપશે કે આ બાઈએ શું ચીજો ભેગી કરી છે!' જેના માટે રાખીશ એની જ ગાળો ખાવા કરતાં કોઈકને આપીને રાજી કર.' પ્રકાશે એવી જ હળવાશથી સૂર પૂરાવ્યો.

બંને એક ઘર સમેટવાની અને બીજું શોધવાની દિશામાં વ્યસ્ત હતાં પણ જરાય ત્રસ્ત નહોતાં. અત્યાર સુધી જીવેલી જિંદગીએ બંનેને આવા બનાવોને સ્વીકારતાં આગળ વધવા માટે ટીપીને તૈયાર કર્યા હતાં. તેઓ શાંતિ અને સરળતાથી પોતાનું કાર્ય કર્યે રાખતાં હતાં. લેખા એની ટેવ મુજબ કામ કરતાં કૃષ્ણનાં ભજન ગાયા કરતી. એક દિવસ લેખા ગાતી હતી તે ભજનની દરેક પંક્તિએ 'આવો ને ગિરિધારી' આવતું હતું. લેખા એને બહુ સુંદર રીતે ગાઈ રહી હતી. દીવાનખંડમાં બેઠેલા પ્રકાશને મોબાઈલમાં વોટ્સએપ તપાસતાં એ બરાબર સંભળાતું હતું. લેખાએ જ્યારે છઠ્ઠી વાર ગાયું 'આવો ને ગિરિધારી' ત્યારે પ્રકાશે ઊભા થઈને લેખા પાસે જઈને કહ્યું, તારા ગિરિધારી કાંઇ આવવાના નથી. એમનો ને તારો ટાઈમ બગાડવાનું રહેવા દે. સ્વર્ગમાં ગોપીઓ સાથે રાસ રમતા હશે તેમાં ધરતી પરના તારા પોકાર એમને ડિસ્ટર્બ કરશે!'

લેખા હસી પડી. પ્રકાશની નાની નાની રમૂજોએ એમના સંસારને હળવો અને લીલોછમ રાખ્યો હતો.

બે ચાર દિવસ પછી પ્રકાશ બેઠો હતો ત્યાં તેને લેખાનો અતિ ઉત્સાહિત અવાજ સંભળાયો, 'જુઓ તો આ શું જડ્યું છે!'

જાણે ઊડીને આવી હોય તેમ બીજી ક્ષણે એ પ્રકાશની પાસે આવી ગઈ. એના હાથમાં એક જૂની પુરાણી ફાઈલ હતી અને આંખોમાં ચમક, પ્રકાશના હાથમાં ફાઈલ મૂકતાં તેણે કહ્યું, 'આ જુઓ!'

પહેલાં તો પ્રકાશને ફાઈલ ઓળખાણી નહીં. અંદરનાં પાનાં ફેરવ્યાં ત્યારે સ્મૃતિ સળવળી ઊઠી.

'આ તો બાપુએ આપી હતી એ ફાઈલ!'

એકત્રીસ વર્ષ પહેલાં આ ફાઈલ તેના પિતાએ તેને આપતાં કહ્યું હતું,

'ગામમાંની આપણી બાવન એકર જમીન તારા નામે ચડાવી દીધી છે.'

ત્યારે પ્રકાશને હસવું આવ્યું હતું. એના ગામ અને આજુબાજુના પંથકમાં એકરોના એકર જમીન વણખેડાયેલી પડી હતી. દુર્લભ વરસાદનાં દર્શન ત્રણ-ચાર વર્ષે થતાં. લોકો ગામોનાં ગામો ખાલી કરી નોકરી ધંધાની તલાશમાં શહેરોમાં ચાલ્યા ગયા હતા. જમીન હજાર રૂપિયે એકર વેચાય તોયે કોઈ લેવાવાળું નહોતું.

'બાપુ, આ જમીનની માલિકી સત્તા વિનાના રાજા જેવી છે.'

'જોજે એક દિવસ આ જમીનના ભાવ વધશે.' પિતાએ વિશ્વાસથી કહ્યું હતું.

પ્રકાશને માનવામાં નહોતું આવ્યું પણ એણે દલીલ કર્યા વિના ફાઈલ રાખી લીધી. પિતાના મૃત્યુ પછી ધીમે ધીમે એ ફાઇલની વાત વિસરાઈ ગઈ. આજે આટલાં વર્ષો પછી એ ફાઇલ લેખાને હાથ ચડી હતી.

'હમણાં આ જમીનનો શો ભાવ હશે?' પ્રકાશને પ્રશ્ન થયો.

'તમે કઢાવી જુઓને!' લેખાના સ્વરમાં હજુ ઉત્સાહ હતો.

'તું હરખાય છે પણ આપણા દુકાળિયા ગામોમાં જમીનના ભાવ શું વધવાના!'

'મેં સાંભળ્યું છે હવે ગામમાં પહેલાં જેવું નથી. જમીનના ભાવ સારા આવે છે.'

પ્રકાશે ગામના એક ઓળખીતાને વાત કરીને માહિતી મેળવી. લેખાની વાત સાચી હતી. એમના ગામની નજીકમાં બે મોટી કંપનીઓએ ઘણી જમીન ખરીદી હતી તેથી જમીનના ભાવ સારા એવા ઊંચકાયા હતા. એ કંપનીઓને એમના ગામમાં પણ જમીન જોઈતી હતી. સદનસીબે પ્રકાશને સારો દલાલ મળી ગયો. સોદો પત્યો ત્યારે લેખા અને પ્રકાશ અધધ થઈ ગયા એવા બે કરોડ રૂપિયા મળ્યા!

બંનેએ શુભ સમાચાર આપવા સિધ્ધાર્થને ફોન કર્યો.

'સિધ્ધ, ચમત્કાર થઇ ગયો!' લેખાએ શરૂ કર્યું.

'કેવો ચમત્કાર, મમ્મી?' સિધ્ધાર્થે અસમંજસથી પૂછ્યું. 'ગામમાં પપ્પાની જમીન હતી તેના બે કરોડ આવ્યા.'

'અમે એમાંથી ઘર લઈએ છીએ.' પ્રકાશે જણાવ્યું.

'અરે વાહ! આ તો ખરેખરો ચમત્કાર!' સિધ્ધાર્થ સાચે જ ખુશ થયો. તેણે કહ્યું,

'મને તમને ઘર લઈ આપવાનું મન હતું પણ બન્યું નહીં. તમે પોતે જ લઇ શકો છો તે બહુ ખુશીની વાત છે.'

વહુએ પણ રાજીપો બતાવ્યો. એમને પૈસા ખર્ચવાના નહોતા ને!

આત્મવિશ્વાસથી પ્રકાશ અને લેખાએ પોતાનું ઘર શોધવાનું શરૂ કર્યું. બંધાઈ રહેવા આવેલી એક સરસ સોસાયટીમાં તેમનું સ્વપ્નગૃહ તેમને મળી ગયું. ઘર બંનેના નામે થયું પછી એક શુભ દિવસે લેખાએ પોતાના દિયરની પૌત્રી પાસેથી કુંભ મૂકાવડાવ્યો. કૃતકૃત્યતા અનુભવતાં એણે પ્રકાશને કહ્યું.

'છેવટે વડીલોના પ્રતાપે આપણને પોતાનું ઘર મળ્યું!'

કેટલી પેઢીઓના વડીલોની મહેનત આ જમીનમાં રેડાયેલી હશે એની આપણને જાણ નથી. બાપુએ ખેડી નહીં પણ આપણા સુધી પહોંચાડી!'

આ ઘરના રૂપમાં એ સિધ્ધાર્થ સુધી પહોંચશે. આપણને અણીના વખતે કામ આવી તેમ સિધ્ધાર્થને કે એની આગલી પેઢીને પણ ઉપયોગી થઈ શકે.'

જરાક વિચાર કરતાં પ્રકાશે કહ્યું,

'મને લાગે છે કે ધરોહર એક જ દિશામાં વહે. ઉલટી દિશામાં વહેવાની અપેક્ષા ન રખાય.'

'ખરી વાત છે. આપણું સંતાન આપણી કાળજી લે પણ આપણી પર બધું ઓવારી ન શકે. સંતાન માટે સઘળું વેઠી લેવાનો ખાસ હક માત્ર માતા-પિતાને મળ્યો છે અને એ ધરોહર આગળ ચાલ્યા કરે છે.' લેખા સંમત થઈ.

'મા-બાપે સંતાનોનાં અને પોતાનાં બંનેનાં સપનાં પૂરા કરવાનાં હોય છે. ક્યારેક સંતાનોનાં પૂરાં કરતાં પોતાનાં રોળાઈ જાય તો છોને રોળાઈ જાય!

'આપણે સિધ્ધાર્થને ફક્ત ઘર લીધું છે એ વાત કરી છે, ઘર તો બતાવીએ! હજુ એ જાગતો હશે.' પ્રકાશે સિધ્ધાર્થને વિડિયો કોલ કર્યો.

'જો આ આપણું નવું ઘર, પાંચમા માળે છે.' પ્રકાશે સિધ્ધાર્થને ઘરના એક પછી એક ભાગ બતાવવા માંડયા.

'હોલ મોટો છે. સિટ-આઉટ બહુ સરસ છે અને બહારનો વ્યુ સુંદર છે.' સિધ્ધાર્થે પ્રતિભાવ આપ્યો.

'આ તમારો બેડરૂમ. એમાંથી સ્વિમિંગ પુલ દેખાય છે. પેલી બાજુ ટેનિસ કોર્ટ છે અને એની નજીક ફુટબોલ રમવાની સગવડ છે. છોકરાંઓને અહીં બહુ મજા આવશે.'

'મમ્મી, આમયે છોકરાંઓને તમને લોકોને છોડીને અમેરિકા પાછાં ફરવાનું મન નથી થતું. હવે તો સમૂળગાં ત્યાંથી નહીં નીકળીએ!' સિધ્ધાર્થે ઉત્સાહથી કહ્યું.

'અમે આવતા અઠવાડિયે આ ઘરમાં રહેવા આવી જશું, પછી થોડા દિવસોમાં યુરોપની ટુર પર જશું.' પ્રકાશે મમરો મૂક્યો.

'વાહ! ક્યા બાત હૈ! મમ્મી-પપ્પા, બસ હવે તમે જલસા કરો!'

સિધ્ધાર્થને માતા-પિતાની ખુદ્દારી ગમી. પોતે એમને સગવડ આપવામાં પાછો પડ્યો હતો. પરંતુ પોતાની આર્થિક સધ્ધરતામાં રહેલો પત્નીનો હિસ્સો અને કોઇ નિર્ણય લેતી વખતે એનો મત એ ઉવેખી શકે તેમ નહોતો. છતાં આટલું આશ્વાસન તો માતા-પિતાને આપી શકે તેમ હતો જે એણે આપ્યું, 'ભવિષ્યની ચિંતા ન કરતા, હું કાંઇ સાવ નકામો નથી હોં!' ત્યારે પ્રકાશ અને લેખાનાં મોં ખીલી ઊઠયાં.

પછીના અઠવાડિયે જૂના ઘરમાંથી નવા ઘરમાં સામાન ખસેડાયો. સામાનની સાથે નાનું મંદિર અને ગિરિધરના સ્વરૂપમાં મૂર્તિ હતાં. પ્રકાશે કહ્યું, 'લેખા, ઘરમાં પહેલાં તારા ગિરિધારીને આવવા દે!'

**સોનલ આર્ટ** (થાણા) શાંતિભાઈ : 99678 41792

બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શેઠશ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણા તીર્થ

પાલીતાણા સ્થિત અચલગચ્છીય સંસ્થાઓમાં દર વર્ષે ક્રમાનુસાર પર્વાધિરાજ પર્યુષણની આરાધના સાથે મળીને કરવામાં આવે છે આ વ્યવસ્થા અંતર્ગત સંવત ૨૦૮૧ના પર્વાધિરાજની આરાધના કરવાનું સૌભાગ્ય આપણી સંસ્થા શેઠ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડને પ્રાપ્ત થયેલ છે.

ચાતુર્માસિક આરાધના માટે સ્વાધ્યાય પ્રેમી પ.પૂ.સુ.સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના સુ.શિ. સુદીર્ઘ સંયમી, આત્માનંદી પરમ પૂજ્ય મહોદયશ્રીજી મ.સા.ના શિષ્ય પરિવારની પાવન નિશ્રા પ્રદાન થઈ છે.

ત્રેપન દિવસીય આરાધના માટે આરાધકોનું આગમન-૭.૭.૨૫. આરાધના પ્રારંભ-૯.૭.૨૫, અષાઢ સુદ-૧૫, બુધવાર. આરાધના સમાપ્તિ-૨૮.૮.૨૫, ભાદરવા સુદ-૬, ગુરૂવાર. (આરાધના માટેના ફોર્મ ટૂંક સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે) સંપર્કઃ ૯૫૧૨૩૬૫૦૨૬ જયંતભાઈ પટેલ).

### કે.ડી.ઓ. ક્લાસિક કમિટી વર્ષ ૨૦૨૫-૨૭

પ્રમુખ : શ્રીમતી તેજલબેન રાજેશ શાહ, ઉપપ્રમુખ : કેતન કુલીનકાંત નાગડા, મંત્રી : સંજય ચીમનલાલ નાગડા, સહમંત્રી : ભાવનાબેન જયેશ ખોના, ખજાનચી : જયશ્રીબેન નવીન જૈન, સહખજાનચી : નીલેશ સોમચંદ મોમાયા.

સભ્યો : મીનાબેન મનીષ લાલકા (શાહ), ચેતન ગુલાબચંદ શાહ, પારૂલબેન રાજેન્દ્ર શાહ, ઍડ. ઉદયન લાલજી શાહ અને હીનાબેન મનોજ લોડાયા.

### કે.ડી.ઓ. ક્લાસિક યુવા વિંગ કમિટી વર્ષ ૨૦૨૫-૨૭

પ્રમુખ : નિશાંત સંજય નાગડા, ઉપપ્રમુખ : રિતીકા ઉદય લાપસિયા, મંત્રી : કુશ હિરેન નાગડા, સહમંત્રી : હર્ષિતા ભાવિન સોનાવાલા, ખજાનચી : વરૂણ જયેશ નાગડા. સભ્યો : પુજા અનિક ધરમશી, હેનીલ હેમંત લોડાયા, ખ્યાતિ પુનીત ધરમશી, અમી નિરજ શાહ, રોમલ લક્ષ્મીરાજ શાહ, અમિશ નરેશ પાલાણી.

### ટોસ્ટેમ એવોર્ડ - એપ્સીલોન રનરઅપ

